# ધોરણ - 7 English

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| EN701 વાર્તાઓ સાંભળી પોતાના શબ્દોમાં વાર્તા કહે છે. | • સહાયક સામગ્રી આધારિત વાર્તા | • શિક્ષક ચિત્રો, કાર્ડ કે અન્ય સામગ્રીની મદદથી ટૂંકી અને પરિચિત વાર્તા ક્રમશઃ બે વાર કહેશે.<br>• શિક્ષક વાર્તાના બે ભાગ પાડી હાવભાવ, આરોહ –અવરોહને સાથે વાર્તાનો પ્રથમ ભાગ બાળકોને કહેશે.<br>• વાક્યમાંના એકાદ બે શબ્દો ધીમે અવાજે બોલશે અને તે શબ્દો બાળકોને પૂછશે.<br>• શિક્ષક સહાયક સામગ્રી વિના વિદ્યાર્થીઓને ટૂંકી વાર્તા સંભળાવશે. તે પૈકી અમુક વાક્યો વિદ્યાર્થીઓને પૂછશે.<br>• વાર્તા પૂર્ણ થયા બાદ શિક્ષક વિદ્યાર્થીઓને વાર્તા કહેવાનું કહેશે. |
| EN702 પ્રસ્તાવ મૂકે અને તેનો સ્વીકાર કે અસ્વીકાર કરે છે. | • પ્રસ્તાવ મુકવાની પેટર્ન<br>• Let's (Let us) | • શિક્ષક વિદ્યાર્થીઓને સાદી સૂચના જેવી કે Stand up આપશે. તરત જ શિક્ષક Let's sit down એમ બોલશે અને શિક્ષક સહિત બધા વિદ્યાર્થીઓ બેસી જશે. ત્યારબાદ બેઠા બેઠા થઇ શકે તેવી પ્રવૃત્તિ કરાવશે. જેવી કે...<br>❖ Teacher: Shall we draw a monkey?<br>❖ Student: No.<br>❖ Teacher: What shall we draw?<br>❖ Student: A table.<br>❖ Teacher: Let's draw a table.<br>❖ Student: Ok. Sir. |
| EN703 વિગતો સાંભળી અને વાંચીને ચિત્રો, રમકડા અને અન્ય વસ્તુઓ બનાવે છે. | • process<br>• કાગળમાંથી વસ્તુ બનાવવાની પ્રક્રિયા | • શિક્ષક એક કાગળ લેશે અને તેવાજ કાગળ વિદ્યાર્થીઓને પણ આપશે.<br>• શિક્ષક Let's fold the paper. (પોતે તે પ્રમાણે કરશે.)<br>• વિદ્યાર્થીઓ સૂચના પ્રમાણે કરશે. આવી રીતે બે થી ત્રણ પ્રક્રિયા ઉદાહરણ સાથે કરાવશે. (પ્રથમ આવી સાદી સૂચનાઓનો શિક્ષક મહાવરો કરાવશે.) |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
| --- | --- | --- |
| | | • કાગળની હોડી બનાવવાની આખી પ્રક્રિયા શિક્ષક બોલતા જશે અને પ્રક્રિયા કરતા જશે. વિદ્યાર્થીઓ પણ આ પ્રક્રિયાને અનુસરતા જશે.<br>• વિદ્યાર્થીઓ જોડીમાં કામ કરશે (એક વિદ્યાર્થી પ્રક્રિયા બોલશે અને બીજો વિદ્યાર્થી એ પ્રમાણે કાગળની હોડી બનાવતો જશે.) |
| EN704 અર્થપૂર્ણ સંદર્ભમાં આપેલા શબ્દો, વાક્યો અને પરિચ્છેદનું મૂક્વાચન કરે છે. | • મૂકવાચનની પ્રવૃત્તિ | • શિક્ષક સ્વાધ્યાયમાં કે યુનિટમાં આવતા પરિચ્છેદ, સંવાદ અને વર્ણનનું મૂકવાચન કરાવશે.<br>• જૂથમાં પરિચ્છેદનું વાંચન કરવાનું કહેશે. ત્યારબાદ પ્રશ્નો પૂછશે.<br>• પરિચ્છેદનું મૂકવાચન કરાવશે.<br>• skimming અને scanning ની પ્રવૃત્તિઓ કરશે અને કરાવશે. |
| EN705 વાર્તા, પરિચ્છેદ અને કાવ્યને સમજી અર્થગ્રહણ કરે છે. | • પરીચ્છેદનું અર્થગ્રહણ | • true / false, yes / no પ્રકારનાં પ્રશ્નો પૂછશે.(ખાલી જગ્યા, rhyming words, 'wh' પ્રકારનાં પ્રશ્નો, similar, opposite words વગેરે ...) |
| EN706 ફકરાનું અનુલેખન કરે છે. | • Capitalization અને વિરામચિહ્નો | • શિક્ષક વિદ્યાર્થીઓને અનુલેખન માટેનો નમૂનો board પર લખશે. તેમાં આવતા કેપિટલ લેટર્સ, વિરામચિહ્નો તરફ બાળકોનું ધ્યાન દોરશે.<br>• વિદ્યાર્થીઓ વાક્યોનું અનુલેખન કરી અરસપરસ બતાવશે. તેમાં આવતા કેપિટલ લેટર્સ, વિરામચિહ્નોની ભૂલ હોય તો સુધારશે.<br>• વિદ્યાર્થીઓ પરિચ્છેદનું ફરીથી અનુલેખન કરશે. |
| EN707 ફકરાનું શ્રુત લેખન કરે છે. | • વાક્યોનું કે પરીચ્છેદનું શ્રવણ, લેખન, | • શિક્ષક સ્પષ્ટ અવાજ, મધ્યમ ગતિ અને યોગ્ય આરોહ-અવરોહથી બાળકોને ત્રણથી ચાર વાક્યનું શ્રુત લેખન કરાવશે.<br>• ક્યારેક શિક્ષક સામાન્ય ગતિથી અને એકાદ શબ્દ ખૂબ જ ધીમા અવાજે બોલશે.<br>• ક્યારેક શિક્ષક માત્ર હોઠ ફફડાવીને એકાદ શબ્દ બોલશે.<br>• શિક્ષક વિદ્યાર્થીઓને વાક્યોનું શ્રુતલેખન કરાવશે.<br>• વિદ્યાર્થીઓનાં જૂથ બનાવીને જૂથમાં શ્રુતલેખન કરવાનું કહેશે. |
| EN708 આપેલા વિધાનોમાંથી અતાર્કિક શબ્દો તારવીને વિધાન સુધારે | • Sentence pattern | • શિક્ષક જુદી જુદી પેટર્નનાં ઉદાહરણો board પર મુકશે. |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| છે. | | • આ પેટર્નના ભૂલ સહિતના શબ્દો, વાક્યો board પર લખશે.<br>• શિક્ષક વિદ્યાર્થીઓને ભૂલ શોધવાનું કહેશે. ત્યારબાદ તે શબ્દ કે વાક્યોને પોતાની નોધપોથીમાં લખવાનું કહેશે.<br>ઉદા.<br>❖ I did bought a new car.<br>• ઉપરોક્ત વાક્ય શિક્ષક board પર લખશે. તેનું વાચન કરશે. તેમાં શું અતાર્કિક છે. તે શોધવાનું કહેશે. જવાબ મળ્યા બાદ વાક્ય સુધારશે અને તેનું લેખન કરવાનું કહેશે. |
| EN709 ઘટના તેમજ વાર્તાના પાત્રો, સ્થળો અને ઘટનાક્રમની વિગતો તારવે છે. | • વાર્તાઓ અને ઘટનાઓનું શ્રવણ- કથન અને અર્થગ્રહણ | • શિક્ષક ઘટના વર્ણવશે/વાર્તા કહેશે.<br>• આ વાક્ય કોણ બોલે છે ? તે પૂછશે.<br>• ઘટનાના / વાર્તાના સંવાદ બાળકોને જોડીમાં રજૂ કરવાનું કહેશે. |
| EN710 ચિત્રો અને પરિચ્છેદની વિગતનું વર્ગીકરણ કરે છે. | • Information transfer | • શિક્ષક પરિચ્છેદનું વાચન કરશે.<br>• પરિચ્છેદ વાંચવાનું કહેશે.<br>• જૂથમાં પરિચ્છેદની વિગતોનું વર્ગીકરણ કરવાનું કહેશે.<br>• ચિત્રો હોય તો તેનું અવલોકન કરવાનું કહેશે.<br>• વિગતો તારવવા પ્રશ્નો પૂછશે.<br>• વિદ્યાર્થી જૂથમાં ટેબલની વિગતોનું વર્ગીકરણ કરવાનું કહેશે. |
| EN711 પરિચિત પરિસ્થિતિમાં પ્રસંગને અનુરૂપ અભિવાદન કરીને પ્રતિભાવ આપે છે. | • Greetings and response | • શિક્ષક વિવિધ પરિસ્થિતિ / સમયને અનુરૂપ Good morning / Good afternoon / How are you? જેવા અભિવાદન કરશે. વિદ્યાર્થીઓ અભિવાદન ઝીલીને પ્રતિભાવ આપશે.<br>• શિક્ષક પરિચિત પરિસ્થિતિ / પ્રસંગ આપી જોડીમાં સંવાદ કરાવશે તેમજ તેનો પુનરાવર્તિત મહાવરો કરાવશે. પોતાના રોજિંદા વ્યવહારમાં વિદ્યાર્થીઓ અભિવાદન કરી શકે તે માટે મદદ કરશે. ( ઉદાહરણ પૂરા પાડશે) |
| EN712 વિનંતી કરે અને પ્રતિભાવ આપે છે. | • Making request | • શિક્ષક વિદ્યાર્થીની મદદથી પૂર્વ તૈયારી કરી સંવાદ રજૂ કરશે. ત્યાર |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
| --- | --- | --- |
| | • Will you ....? | બાદ વિદ્યાર્થીઓને જોડીમાં સંવાદ કરાવશે.<br>❖ Student-1: Will you give me your pen?<br>❖ Student-2: Here it is.<br>❖ Student-1: Thank you.<br>• પ્રતિભાવમાં you are welcome, thank you, sure, જેવા શબ્દોનો ઉપયોગ જણાવશે. |
| EN713 ઊલટ પ્રશ્નો (Inversion Questions) પૂછી અને તેના જવાબ આપે છે. | • Inversion Questions<br>• Did you..?<br>• Did he..? | • શિક્ષક did નો ઉપયોગ કરી ઉલટ પ્રશ્નો (inversion Questions) પૂછશે જેમાં yes / no જેવા ટૂંકા જવાબ મેળવશે.<br>❖ Student-1: Did you get up at seven o'clock?<br>❖ Student-2: Yes / No<br>• આગળનાં જવાબો yes, I did / No, I didn't સુધી મેળવશે. |
| EN714 માહિતી મેળવવા Wh (Who, where, when, what, how many) પ્રશ્નો પૂછી અને તેના પ્રશ્નોના જવાબ આપે છે. | • Wh પ્રકારના પ્રશ્નો | • શિક્ષક વિદ્યાર્થીઓને What is it? Where is it? જેવા અગાઉ શીખી ગયેલા પ્રશ્નો દ્વારા જવાબ મેળવશે.<br>• ત્યાર બાદ How many થી પ્રશ્નો પૂછશે અને તેના જવાબ મેળવશે. આ માટે વિદ્યાર્થીઓ સમક્ષ મૂર્ત વસ્તુઓ દ્વારા ગણતરી કરી પ્રશ્નો પૂછશે.<br>• હવે How many? નાં ઉપયોગથી વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછશે.<br>❖ Teacher: How many pens did Atul buy?<br>❖ Teacher: How many books did Radha read?<br>❖ Teacher: How many words did Shiva write?<br>• વિદ્યાર્થીઓને આપેલા નામને બદલે તેના મિત્રના નામને મૂકી પ્રશ્નો વાંચવાનું કહેશે.<br>• વિદ્યાર્થીઓની જોડી બનાવી આવા પ્રશ્નો બનાવવાનું કહેશે. board પર શબ્દો લખશે.<br>❖ Movies – Watch<br>❖ Books – read |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
| --- | --- | --- |
| | | ❖ Ask – Questions |
| EN715 પરિચિત પરિસ્થિતિમાં સંવાદ કરે છે. | • Dialogues | • શિક્ષક વિદ્યાર્થીઓને વાર્તામાં આવતા પાત્રોના સંવાદો આપશે. વિદ્યાર્થીઓ સંવાદોનું વાચન અને કથન કરશે. વિદ્યાર્થીઓ સંવાદ રજૂ કરે ત્યારે સ્પષ્ટ ઉચ્ચાર, આરોહ-અવરોહ પ્રમાણે રજૂ કરે તે માટે જરૂર પડે શિક્ષક માર્ગદર્શન આપશે.<br>• વર્ગખંડ, શાળા પરિવેશની પરિસ્થિતિ આપી સંવાદ કરાવશે.<br>Principal: Hello! Beta, How are you?<br>Student: Fine! Sir. Thank you.<br>Principal: Are you participating in the science fair?<br>• જરૂર પડે તો શિક્ષક આવા સંવાદો અગાઉથી રચીને વિદ્યાર્થીઓને કરાવશે. |
| EN716 Loan word સહિત આશરે 500 જેટલા નવા શબ્દો જાણી અને તેનો ઉપયોગ કરે છે. | • શબ્દ ભંડોળ<br>• Loan words | • શિક્ષક પાઠ્યપુસ્તકને અંતે આપેલ શબ્દોની યાદીમાંથી કોઈ એક મૂળાક્ષરવાળા શબ્દોની યાદી જોવાનું કહેશે અને તેના પર bingo game રમાડશે.<br>• આ ઉપરાંત word chain, add on વગેરે જેવી રમત રમાડશે. |
| EN717 અપરિચિત વ્યક્તિઓનો સામાન્ય પરિચય મેળવે છે અને આપે છે. | • 'Introducing self and others' | • શિક્ષક પોતાનો પરિચય આપશે. વિદ્યાર્થીઓ પાસેથી તેમનો પરિચય મેળવશે. ત્યારબાદ શિક્ષક વિદ્યાર્થીઓનો પરિચય આપશે. વિદ્યાર્થીઓ પરસ્પર તેમના મિત્રનો પરિચય આપશે.<br>• વિદ્યાર્થીઓ જોડી બનાવશે અને એકબીજાનો પરિચય મેળવશે.<br>• શિક્ષક કોઈ લેખક, કવિ કે વૈજ્ઞાનિકનો પરિચય આપશે.<br>• ગામના વ્યવસાયકરોનો પરિચય આપશે.<br>• કોઈ વ્યવસાયકારનું ચિત્ર લઇ વિદ્યાર્થીને તેનો પરિચય આપવાનું કહેશે. |
| EN718 વસ્તુઓના સ્થાન અને સ્થળોનો નિર્દેશ કરે છે. | • સ્થાન દર્શક શબ્દોનો ઉપયોગ જેમકે<br>• right to, left to, turn | • શિક્ષક પોતાના ઘરથી શાળા સુધીનો રસ્તાનો નકશો વિદ્યાર્થીની મદદથી બૉર્ડ પર દોરશે. તેમાં આવતા સ્થળો (LAND MARKS)ની |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | વિગતો નોંધશે અને તે શાળાએ કઈ રીતે આવ્યા તેનું વર્ણન કરશે.<br>❖ I come on the crossroad, I turned left....I walked straight.<br>• વિદ્યાર્થીઓને જૂથમાં જુદી-જુદી જગ્યાઓ સુધી પહોંચવા માટેના નકશા દોરવાનું કહેશે.અને તેનું વર્ણન રજૂ કરવાનું કહેશે.<br>• શિક્ષક વિદ્યાર્થીઓને જૂથમાં વહેંચીને શાળામાં બનતી ઘટનાઓ/પ્રસંગોની રજૂઆત અંગ્રેજીમાં કરાવશે. જેવી કે....પ્રાર્થનાસભા, રમત-ગમત, વિવિધ દિનની ઉજવણી, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વગેરે. |
| EN719 પરિચિત ક્ષેત્રમાં બનેલી ક્રિયાઓનું વર્ણન કરે છે. | • ક્રિયાઓનું વર્ણન | • શિક્ષક વિદ્યાર્થીની મદદથી જુદા જુદા વ્યવસાયકારોના સંદર્ભની ક્રિયા માટેના શબ્દોની યાદી તૈયાર કરશે.<br>• વિદ્યાર્થીઓ જે વ્યવસાયકારથી પરિચિત છે. તેના નામ સાથે યાદીમાંના ક્રિયાસૂચક શબ્દોને જોડી વાક્ય બનાવશે. જેમ કે ... The shoe maker made nice shoes.<br>• વિદ્યાર્થીઓએ ભૂતકાળમાં કોઈ વ્યવસાયકારની મુલાકાત લીધી હોય ત્યારે તેણે શું કર્યું હતું તે વિષે લખવાનું કહેશે. જરૂર જણાય ત્યાં શિક્ષક મદદરૂપ થશે.<br>• દરેકની લખેલી વિગત વર્ગ સમક્ષ રજૂ કરવાનું કહેશે. |
| EN720 વાચન અને ઉચ્ચારનો સંબંધ તારવે છે. | • Words Pronunciation and their meaning | • શિક્ષક વિદ્યાર્થીને એક સરખા ઉચ્ચારવાળા શબ્દોનું વાંચન કરાવશે. જેમ કે..– kite, right : why, I, buy... વર્ણાનુપ્રાસની પ્રવૃત્તિ પણ કરાવી શકાય. જેમ કે.. Riya reads the Ramayana. She sells seashell at the sea shore. |
| EN721 ભવિષ્યની સંભાવનાઓ અને આયોજનોનું વર્ણન કરે છે. | • Planning for future possibities | • શિક્ષક હવે પછીના અઠવાડિયામાં કરવાની વિવિધ પ્રવૃત્તિઓની યાદી તૈયાર કરશે અને બાળકોને તેના વાક્ય બનાવીને રજૂ કરવા કહેશે. જેમ કે ....I will play game on Monday. દિવસ, અઠવાડિયું, મહિનો, વૅકેશનનાં આગામી દિવસોની દિનચર્યા, પોતે શું કરવા ઈચ્છે છે. વગેરે વિશે વર્ગ સમક્ષ રજૂઆત કરશે. |

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| EN722 સ્થાનિક પર્યાવરણમાં ઉપલબ્ધ અંગ્રેજી વાંચે છે. | • સ્થાનિક પર્યાવરણમાં ઉપલબ્ધ ચીજવસ્તુઓ સંલગ્ન અંગ્રેજીનું વાચન અને પ્રશ્નોત્તરી | • શિક્ષક વિદ્યાર્થીને visiting card, Bill, wrapper વગેરેના નમૂનાઓ બતાવશે.<br>• કોઈ એક bill/wrapper લઇ તેની વિગતો રજૂ કરશે.<br>• વિદ્યાર્થીઓને આમાંથી કેટલાક પ્રશ્નો પૂછશે. તેમજ તેની વિગતો બતાવવાનું કહેશે.<br>• વર્ગમાં જૂથ પાડી દરેક જૂથ માં એક એક નમુના અપાશે.<br>• વિદ્યાર્થીઓ આપેલા પ્રશ્નોના જવાબ નોંધશે અને વર્ગ સમક્ષ રજૂ કરશે. |
| EN723 મિત્રો અને પરિચિતોને ચિઠ્ઠી લખે છે/જવાબ આપે છે. | • Writing a letter | • શિક્ષક વિદ્યાર્થીઓને સંદેશા આપવાના કે મેળવવાના વિવિધ માધ્યમો વિશે પૂછશે અને ચર્ચા કરશે.<br>• પાઠ્યપુસ્તકમાં આપેલ પત્રોના નમૂનાની વિગતોની ચર્ચા કરશે.<br>• વિદ્યાર્થીઓને પોતાનું સરનામું અંગ્રેજીમાં લખવાનું કહેશે.<br>• પત્રમાં જરૂરી વિગતોની ચર્ચા સાથે એક નમૂનો board પર તૈયાર કરશે.<br>• જૂથમાં એક વિગત આપી દરેક જૂથને પત્ર લખવાનું કહેશે.<br>• તૈયાર થયેલ પત્રને bulletin board પર પ્રદર્શિત કરવાનું કહેશે. |
| EN724 પુસ્તકાલયમાંથી વાર્તાના પુસ્તકો, બાળસામયિકો, વર્તમાન પત્રોનું વાચન કરે છે. | • સંદર્ભ વાચન | • શિક્ષક અંગ્રેજી વાર્તાના પુસ્તકો વર્ગખંડમાં લઇ જશે. તેમાંથી એક કે બે પુસ્તકની વાત કરશે.<br>• દરેક જૂથને બે બે પુસ્તકો આપી તે જોવા માટે કહેશે. તેમની વિગતો / પાત્રો/ચિત્રો વગેરેની વિગત નોધવાનું કહેશે.<br>• વિદ્યાર્થીએ પુસ્તક વિષે નોંધેલ વિગત વર્ગ સમક્ષ રજૂ કરશે.<br>• વિદ્યાર્થીઓને આવા અન્ય પુસ્તક અને સામયિકના નામ લખાવશે અને લાઈબ્રેરીમાંથી તેનું વાચન કરવાનું કહેશે. |
| EN725 ટેબલ ગ્રાફ, ચિત્ર કે નકશાની વિગતો તારવે છે. | • Information Transfer<br>• Analysis of the details | • શિક્ષક board પર graph દોરશે.<br>• Graph ની વિગતોનું વાચન કરશે.<br>• તેને અનુરૂપ પ્રશ્નો પૂછશે અને તેનાં જવાબ રૂપે મળેલ વાક્યોનો ફકરો |

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | બનાવશે. |
| EN726 પોતાના પર્યાવરણની સંદર્ભિત બાબતોની તુલના કરી રજૂઆત કરે છે. | • Comparison<br>• Better than..<br>• The tallest / highest .. | • શિક્ષક વર્ગમાં નીચે જેવા પ્રશ્નો પૂછશે.<br>❖ Who scored the highest marks in Gujarati?<br>❖ Who scored the lowest marks in Gujarati?<br>❖ Who scored lesser marks than Ajay?<br>❖ Who scored higher marks than Ajay?<br>❖ Who scored equal marks in Maths? |
| EN727 અભ્યાસના ક્ષેત્ર સાથે સંકળાયેલી પ્રક્રિયાઓનું વર્ણન કરે છે. | • Description | • શિક્ષક ઉપરોક્ત પ્રશ્નોના જવાબરૂપે મળેલ માહિતીને આધારે એક ફકરો બનાવશે અને તેનું વર્ગ સમક્ષ વાચન કરશે.<br>• વર્ગમાં વિદ્યાર્થીઓને આ ફકરાનું વાચન કરાવશે. |
| EN728 શબ્દકોશનો ઉપયોગ કરે છે. | • Dictionary | • શિક્ષક બાળકોને અપરિચિત શબ્દો આપીને તેને શબ્દકોશમાંથી શોધવા કહેશે. બાળકોને શબ્દોના શબ્દભેદ (parts of speech) વિશે માહિતી આપશે. |
| EN729 પોતાને ગમતી/નાગમતી વસ્તુઓ, પ્રાણીઓ, પક્ષીઓ પસંદ/નાપસંદ સહિત પોતાની લાગણીઓ વ્યક્ત કરે છે. | • Like/ Dislike | • શિક્ષક વર્ગ સમક્ષ વાર્તા/ફકરો વાંચશે.<br>• તેમાં આવતા પાત્રોના નામ/પ્રસંગ/કાર્ય વિશે પ્રશ્નો પૂછશે અને જવાબ મેળવશે.<br>• શિક્ષક વિદ્યાર્થીને આપેલ ફકરામાંથી શું ગમ્યું/ શું ન ગમ્યું તેના વિષે બે વાક્યમાં બોલવાનું કહેશે. |
| EN730 ચિત્ર કે વસ્તુઓનું પાંચથી સાત વાક્યમાં વર્ણન કરે છે. | • Picture Description | • શિક્ષક કોઈ ચિત્ર/વસ્તુનું વર્ણન કરશે.<br>• શિક્ષક વિદ્યાર્થીઓનાં મનગમતા ચિત્ર/ વસ્તુ વિષે જાણશે અને તેના વિષે ચિત્રવર્ણન કે વસ્તુવર્ણન કરવાનું કહેશે. |
| EN731 શબ્દો, શબ્દસમૂહો અને અન્ય માહિતી પરથી પરિચ્છેદ લખે છે. | • Paragraph writing | • શિક્ષક વિદ્યાર્થીઓને શબ્દ/શબ્દસમૂહ આપશે. તેના પરથી વાક્ય બનાવવાનું કહેશે.<br>• Brain storming ની પ્રવૃત્તિ કરાવશે.<br>• તારવેલા શબ્દ/શબ્દસમૂહને વિદ્યાર્થીઓની મદદથી તાર્કિક રીતે |

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | ગોઠવશે.<br>• વિદ્યાર્થીઓને તેના આધારે પરિચ્છેદ લખવાનું કહેશે.<br>• લખાયેલ પરિચ્છેદ અરસપરસ વંચાવી તેમાં રહેલી ભૂલો સુધરાવશે. |
| EN732 અંગ્રેજી લયનો રસાસ્વાદ માણે છે. | • Rhyme recitation | • શિક્ષક યોગ્ય આરોહ-અવરોહ સાથે rhyme નું ગાન કરશે.<br>• વિદ્યાર્થીઓને સમૂહમાં ગાન કરવાનું કહેશે.<br>• વર્ગના બે જૂથ પાડી એક એક જૂથને એક એક લાઈનનું ગાન કરાવશે.<br>• વ્યક્તિગત ગાન કરાવશે.<br>• વર્ગને સમૂહમાં ગાન કરાવશે.<br>• અન્ય rhyme/poem નું રસાસ્વાદ કરાવશે. |
| EN733 અધૂરી વાર્તાના વિકાસ માટે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરે છે. | • Story completion | • શિક્ષક વર્ગના જૂથ પાડીને અધુરી લખેલ પરિચિત વાર્તા આપશે.<br>• વાર્તાને આગળ વધારવા માટે બે બે વિકલ્પ આપશે અને તેમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરશે.<br>• વિદ્યાર્થીનું જૂથ વાક્ય પસંદ કરતા જશે અને વાર્તા આગળ લખતા જશે.<br>• પૂર્ણ થયેલ વાર્તાને વર્ગ સમક્ષ રજૂ કરવાનું કહેશે. |
| EN734 અંગ્રેજીમાં visiting card તૈયાર કરે છે. | • Use of authentic materials | • શિક્ષક વિદ્યાર્થીને અલગ અલગ visiting cards બતાવતા જશે અને તેની વિગતોનું વાચન કરતા જશે.<br>• વિગત આપ્યા બાદ તેના વિષે પ્રશ્નો પૂછશે.<br>• જવાબ મેળવવા માટે શિક્ષક visiting card વિદ્યાર્થીઓને આપશે.<br>• આ રીતે card પરથી પ્રશ્નો પૂછશે.<br>• card અને તેના પરથી પૂછેલા પ્રશ્નો અને જવાબની માહિતી વર્ગના bulletin board પર ચીપકાવશે.<br>• શિક્ષક માહિતી આપશે અને તેના પરથી visiting card બનાવવાનું કહેશે.<br>• બનાવેલ visiting card વર્ગના bulletin board પર ચીપકાવશે. |